અપીલ અરજી નં.૭૧ તા.૧૭–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની આઈ ડી નં.૧૪૩૧ તા.૧૮–૫–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના કુલ કેટલા વિભાગ અને તે દરેક વિભાગમાં નાગરિકો ધ્વારા અરજી કરવામાં આવે તો તે દરેક વિભાગના અધિકારી તેમજ કર્મચારી ગણે તે અરજીનો જવાબ અરજી કરનારને કેટલા દિવસમાં જવાબ આપવો જોઈએ. બીપીએમસી એકટની કલમ મુજબ અનુક્રમ પ્રમાણે માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદાર મજકુરની તા.૧૭–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૧/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની આઈ ડી નં.૧૪૩૧ તા.૧૮–૫–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના કુલ કેટલા વિભાગ અને તે દરેક વિભાગમાં નાગરિકો ધ્વારા અરજી કરવામાં આવે તો તે દરેક વિભાગના અધિકારી તેમજ કર્મચારી ગણે તે અરજીનો જવાબ અરજી કરનારને કેટલા દિવસમાં જવાબ આપવો જોઈએ. બીપીએમસી એકટની કલમ મુજબ અનુક્રમ પ્રમાણે માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં માહિતી નહીં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૬ તા.૨૫–૬–૦૯ થી મુળ અરજીની નકલ જાહેર માહિતી અધિકારી અને માહિતીનું વિષય વસ્તુની વિગતો મોકલી આપવા તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જયારે પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩૦ તા.૩–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી સીસીસી/સી.ઝોન/સીવીક/૧૨૪ તા.૩૦–૬–૦૯ ના રોજથી પત્ર અત્રે મળેલ છે. જેમાં અરજદારે તેમની પાસેથી અપીલની અપૂરતી માંગેલ વિગતો બાબતે વાંધો ઉપસ્થિત કરી જાહેર માહિતી અધિકારી પાસેથી મેળવી લેવા જણાવેલ.

જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.એઆરડી/૧૬૩ તા.૭–૭–૦૯ થી પૂરક વિગતો મોકલી આપેલ. જેમાં અરજદારની મૂળ અરજીની નકલ તથા તેઓ કક્ષાએથી પત્ર નં.એઆરડી/૧૬૩ તા.૩/૪–૭–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ આપેલ. જે ધ્યાને લેતાં અરજદારે માંગેલ માહિતી સુ.મ.પા. માં ટોટલ કરેલ વિભાગ બાબતે ૧૨૩ ખાતાના નામ જણાવતી યાદી જાહેર માહિતી અધિકારીએ આપ્યાનું જણાવેલ છે તથા દરેક વિભાગમાં અરજી કરવામાં આવે તો અરજીનો જવાબ કેટલા દિવસમાં આપવો જોઈએ એ બાબતે જાહેર માહિતી અધિકારીએ ફરીયાદ નિકાલ માટે નકકી કરેલ સમય મર્યાદાની નિકાલની વિગતો આપી સદર માહિતી વેબ ઉપર મુકવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની તા.૧૮/૧૯–૫–૦૯ ની આઈ ડી. ૧૪૩૧ ના અનુસંધાને માંગવામાં આવેલી માહિતી સમય મર્યાદામાં નહીં મળેલ હોવાની રજૂઆત કરી અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અપીલ તા.૨૪–૭–૦૯ ના રોજ બપોરે ૪.૩૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ.જેમાં અરજદાર હાજર રહી " અમે કોઈ પણ વિભાગમાં અરજી કરીએ છીએ તો તેનો જવાબ કેટલા દિવસમાં મળવો જોઈએ તેનો જવાબ મળેલ નથી. જો કાયદાની જોગવાઈ ન હોય તો એવો જવાબ આપવો. અનુભવે એવું જણાય છે કે જયારે ઝોન કક્ષાએ રજૂઆત કરીએ ત્યારે નિકાલ ઘણા દિવસે થાય છે."એવી રજૂઆત કરેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલ ઝોન આકારણી વિભાગના હેડ કલાર્કશ્રી ઉપસ્થિત રહી આકારણીની અરજી બાબતે આવેલ અરજીઓનો નિકાલ દિન–૧૫ માં કરવાની બીપીએમસી એકટમાં કોઈ જોગવાઈ નથી પરંતુ તે વહીવટી નિયમ છે તેવું જણાવેલ. જાહેર માહિતીઅધિકારી તરફથી વિગતો પૂરી રજૂ થયેલ ન હોઈ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જવાબદાર અધિકારી ઉપસ્થિત રહી રજૂઆત કરવા અંગે તા.૩૦–૭–૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે પુનઃ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીએ ઉપસ્થિત રહીને "સીટીઝન ચાર્ટડ લગભગ ૧૯૯૮ માં બનાવવામાં આવેલ તેના આધારે વેબસાઈટ ઉપર ઉપલબ્ધ માહિતી મુકવામાં આવેલ છે. બીપીએમસી એકટમાં આવી ખાતાકીય નિકાલની સમય મર્યાદા નકકી થયેલ નથી. અરજદારને માંગેલ માહિતી આપવામાં આવેલ છે. તમામ વિભાગો માટે અરજદારને આપેલ ઉપર જણાવેલ માહિતી સિવાયની બાબતો માટે કોઈ નિશ્ચિત સમય મર્યાદા મુકરર કરવામાં આવેલ નથી." તેવી રજૂઆત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮/૧૯–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ માટે તકરારનું કોઈ કારણ રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

પરંતુ અરજદારની અરજીની વિષય વસ્તુ ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૪(૧) (બી) મેન્યુઅલ–૩ માં દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ અને મેન્યુઅલ–૪ માં પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણોની વિગતો સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવતી હોઈ આ બાબતે અમલવારી કરી તેનો પૂર્તતા રીપોર્ટ અત્રે મોકલવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને (સેન્ટ્રલ ઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ ૪/૩૬૬,